# "ગીર" ફાઉન્ડેશન

ગુજરાત ઇકોલોજિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ("ગીર") ફાઉન્ડેશન

સત્યમેવ જયતે

આર.ડી. કમ્બોજ
નિયામક


ક્રમાંક: ઇઇ/એન.જી.સી./ટે.12/૬- ૨૮૩૪ 2019-20 તા. ૨૦ / ૦૮ / 20૧૯

માત્ર ઇમેલ દ્વારા

પ્રતિ,
આચાર્યશ્રી તથા ઇકો ક્લબ ઇન્ચાર્જશ્રી,
એન.જી.સી ઇકો ક્લબ ધરાવતી શાળા તથા કોલેજ
તમામ

**વિષય: સિંગલ-યુઝ પ્લાસ્ટિકને આપણા જીવનમાંથી જાકારો આપીએ**

*'ગીર' ફાઉન્ડેશન તરફથી આપ સૌને સ્વતંત્રતા પર્વની ખૂબ ખૂબ શુભેચ્છાઓ..*

આપ સૌ જાણો જ છો કે કેટલાક સમય પહેલા નેશનલ ગ્રીન કોર્પ્સ (એન.જી.સી) ઇકો ક્લબ ધરાવતી શાળાઓ ડિસ્પોઝેબલ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરીને પ્લાસ્ટિક મુક્ત શાળા બને તે અંગે ભારત સરકારના પર્યાવરણ વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા એક અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. આ અભિયાનને જાણે વાચા મળી ગઇ છે. ભારતના લાલ કિલ્લા પરથી 73 માં સ્વતંત્રતા દિવસ નિમિત્તે રાષ્ટ્રને સંબોધન કરતા ભારતના વડપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે સિંગલ-યુઝ પ્લાસ્ટિક પર્યાવરણ માટે સારું નથી અને લોકોને સિંગલ-યુઝ પ્લાસ્ટિક સંપૂર્ણપણે નાબૂદ કરવા હાંકલ કરી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સિંગલ-યુઝ પ્લાસ્ટિક પર્યાવરણ માટે ગંભીર ખતરો છે. શું આપણે ભારતને સિંગલ-યુઝ પ્લાસ્ટિકથી મુક્ત કરી શકીશું? આવા વિચારને અમલમાં મૂકવાનો સમય પાકી ગયો છે. આ દિશામાં કાર્ય કરવા માટે એકત્રીત થવું જોઇએ. આથી તમામ એન.જી.સી. ઇકો ક્લબ શાળાને નીચેની પ્રવૃત્તિઓ હાથ ધરવા અનુરોધ કરવામાં આવે છે.

- પ્લાસ્ટિક પોલીબેગ્સ, પ્લાસ્ટિક કપ, પ્લાસ્ટિક પ્લેટસ, સ્ટ્રો વગેરે જેવી ડિસ્પોઝેબલ પ્લાસ્ટિક/સિંગલ-યુઝ પ્લાસ્ટિકની વસ્તુઓ એટલે કે ફક્ત એક જ વખત વપરાતી પ્લાસ્ટિક વસ્તુઓનો શાળા પરિવારના કોઇપણ સભ્યો (વિદ્યાર્થીઓ, શિક્ષકો, સંચાલક મંડળના વ્યક્તિઓ વગેરે તમામ) દ્વારા ઉપયોગ બંધ કરવો. શાળા દ્વારા યોજાતા કોઇપણ પ્રસંગોમાં પણ આવા પ્રકારના પ્લાસ્ટિકની વસ્તુઓનો ઉપયોગ ન કરવો
- શાળાઓ દ્વારા સ્વચ્છતા અભિયાન ચલાવી શાળા પરિસર તેમજ આસપાસના વિસ્તારને પ્લાસ્ટિક મુક્ત બનાવી તેની સ્વચ્છતા જાળવી રાખવી.
- શાળાઓ દ્વારા પ્લાસ્ટિક પ્રદૂષણથી થતા નુકશાન અંગે જાગૃતિ અભિયાન ચલાવી સમાજમાં સિંગલ-યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ સદંતર બંધ થાય તે અંગે પ્રયાસો કરવા.

માનનીય વડપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના આ શબ્દોને સાર્થક કરવા આપણે સૌ સાથે મળીને એક અભિયાન હાથ ધરીએ અને સિંગલ-યુઝ પ્લાસ્ટિકને આપણા જીવનમાંથી જાકારો આપીએ. આવો સહુ સાથે મળીને સિંગલ-યુઝ પ્લાસ્ટિકના દૂષણને મહાત કરીએ.

(આર.ડી. કમ્બોજ)

જા. નં. ........જોગ-૨/૧૧૨૧૫
**જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,**
જિલ્લા સેવા સદન-૨, બ્લોક,
ત્રીજો માળ, અઠવાલાઈન્સ, સુરત
તા.: ૨૮/૦૮/૨૦૧૯

નકલ રવાના:-
જાણ તથા અમલ થવા સારૂ

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત જિલ્લો સુરત.

પ્રતિ,
આચાર્યશ્રી,
ઇકો ક્લબ તમામ શાળાઓ, સુરત

Scanned by CamScanner